| | |
|---|---|
| રજુ તારીખ | ૨૯–૦૮–૨૦૨૪ |
| દાખલ તારીખ | ૨૯–૦૮–૨૦૨૪ |
| ફેસલ તારીખ | ૨૨–૦૫–૨૦૨૬ |
| સમયગાળો | વર્ષ માસ દિવસ |
| | ૦૧ ૦૮ ૨૩ |

**મહે.કપડવંજના સે.એડીશ્નલ ચીફ જયુડીશીયલ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં, મુ.કપડવંજ**

ફોજદારી કેસ નં.૯૯૫/૨૦૨૪
આંક :

**ફરીયાદી ::**
શ્રી સ ર કા ર

**વિ રૂ ધ્ધ**

**આરોપીઓ ::**
(૧) રણજીતસિંહ હીરાસિંહ ચૌહાણ,
ઉ.વ.૫૦, રહે.૩૩/૯ આઝાદનગર,
ભીલવાડા, તા.જી.ભીલવાડા(રાજસ્થાન)
(૨) મિઠુલાલ હજારીલાલ ધોબી,
ઉ.વ.૩૫, રહે.આબુચા મહારાજકા આક્ષમ,
તા.હુરડા જી.ભીલવાડા(રાજસ્થાન)
(૩) રાજુ મનોહર આચાર્ય,
ઉ.વ.૪૪, રહે.બજરંગપુરા પાવર હાઉસની બાજુમાં,
તા.જી.ભીલવાડા(રાજસ્થાન)
(૪) સત્યનારાયણ રામલાલજી ખારોલ,
ઉ.વ.૪૦, રહે.૬–એસ ઓસવાલા પ્લાઝા,
યુ.કો.બેંકની પાસે, વસંત વિહાર ભીલવાડા, તા.જી.ભીલવાડા(રાજસ્થાન)

ગુન્હો : ગુજરાત પ્રોહીબીશન એકટની કલમ ૬૫(એ)(ઈ),
૧૧૬(બી), ૯૮(૨), ૮૧ મુજબનો

ફરિયાદીપક્ષ તરફે વિ. એ.પી.પી. શ્રી એમ. કે.ચૌહાણ
આરોપીપક્ષ તરફે વિ.વ.શ્રી આર.એસ.શેખ

-

## -:: ચુ કા દો ::-

**૧.** ફરિયાદ પક્ષના કેસની હકીકત ટુંકમાં એવી છે કે, આરોપીએ તા.૧૪/૬/૨૦૨૪ ના રોજ કલાક : ૦૯/૩૦ વાગ્યાના સુમારે કપડવંજ નડીયાદ રોડ ઉપર ઉદાપુરા પાટીયા પાસે પોતાના કબજા ભોગવટાની લકઝરી બસ રજી.નં.એમપી ૪૪ ઝેડસી ૮૪૭૭ ની ડેકકીમાં સંતાડી લઈ જવાતો ભારતીય બનાવટનો વિદેશી દારૂના ટેટ્રા પેક કુલ નંગ-૧૦૦૮ જેની કિં.રૂ.૭૫,૬૦૦/- તથા લકઝરી બસની કિં.રૂ.૧૦,૦૦,૦૦૦/- તથા અંગજડતીમાંથી મળી આવેલ રોકડ રૂ.૩૫૦૦/- તથા બે મોબાઈલ ફોન કિં.રૂ.૧૦,૦૦૦/- તથા લકઝરી બસમાં ભરેલ ઈ-વે બીલો મુજના સર સામાનની કુલ કિં .રૂ. ૧૮,૦૯૦/- મળી કુલ રૂ.૧૧,૦૭,૧૯૦/- ના મુદ્દામાલ સાથે પકડાઈ જઈ તમામ આરોપીઓએ એકબજીાની મદદગારી કરી ગુન્હો કરતા આરોપીઓ વિરૂધ્ધ ગુજરાત પ્રોહીબીશન એકટની કલમ-૬૫(એ)(ઈ), ૧૧૬(બી), ૯૮(૨), ૮૧ મુજબની ફરીયાદ આતરસુંબા પોલીસ સ્ટેશનમાં ગુ.ર.નં. ૧૧ ૨૦૪૦૦૬૨૪૦૧૧૬/૨૪ થી દાખલ કરવામાં આવતા, તપાસ કરનાર અધિકારીએ આરોપીને અટક કરી, લાગતા વળગતા સાહેદોના નિવેદનો લઈ, તપાસના અં તે આરોપીઓ વિરૂધ્ધ ગુન્હો બનતો હોવાનો પુરતો પુરાવો હોવાનું જણાતા નામદાર કોર્ટમાં ચાર્જશીટ રજુ કરેલ છે.

**૨.** સદરહુ કામના આરોપીઓ જામીન મુકત થયેલ હોય તેઓને સમન્સ કાઢવામાં આવતા, આરોપીઓ પોતાના વકીલશ્રી સહિત અદાલત સમક્ષ હાજર થતા આરોપીને ફોજદારી કાર્યરીતિ અધિનિયમ ૧૯૭૩ ની કલમ-૨૦૭ અન્વયે પોલીસ પેપર્સની નકલ વિના મુલ્યે પુરી પાડવામાં આવેલ હોવાની ખાતરી કરી આરોપીઓ સામે આંક-૪ થી તહોમતનામુ ફરમાવી, આંક-૫ થી ૮ સુધી આરોપીઓની પ્લી લેતા આરોપીઓએ ગુન્હાનો ઈન્કાર કરેલ હોય આ કામ ઈન્સાફી કાર્યવાહી માટે ફરીયાદ પક્ષના પુરાવા માટે રાખવામાં આવેલ છે.

**૩.** ફરિયાદપક્ષ તરફે પોતાનો કેસ પુરવાર કરવા માટે નીચે મુજબના મૌખીક તેમજ દસ્તાવેજી પુરાવા રજુ રાખેલ છે.

મૌખિક પુરાવો

| અ.નં. | વિગત | આંક |
|---|---|---|
| ૧ | ફરીયાદી જયેન્દ્રસિંહ પ્રવિણ સિંહની જુબાની | ૧૬ |
| ૨ | પંચસાહેદ જયેશગીરી દિનેશગીરી ગોસાઈની જુબાની | ૧૯ |
| ૩ | પંચસાહેદ હીરાભાઈ રાજાભાઈ ભરવાડની જુબાની | ૨૧ |
| ૪ | સાહેદ જશવંતભાઈ મુળજીભાઈની જુબાની | ૨૩ |
| ૫ | ત.ક.અશ્રી કિંજલ રાજેન્દ્રભાઈ ચૌધરીની જુબાની | ૩૦ |
| ૬ | ત.ક.અશ્રી શીલ્પા રાજાભાઈ ભારાઈની જુબાની | ૩૫ |

દસ્તાવેજી પુરાવો

| અ.નં. | વિગત | આંક |
|---|---|---|
| ૧ | ફરીયાદ | ૧૭ |
| ૨ | મૃદ્દામાલ કબજે કર્યાનુ પંચનામુ | ૨૦ |
| ૩ | એફ.એસ.એલ.સર્ટી | ૩૧ |
| ૪ | સુચીપત્ર | ૩૬ |
| ૫ | ઈ–વે બીલ નંગ–૨ | ૩૭,૩૮ |

**૪.** ફરિયાદ પક્ષે ઉપર મુજબનો મૌખિક તથા દસ્તાવેજી પુરાવો રજૂ કરેલ છે, તે સિવાય વિશેષ કોઈ પુરાવો રજૂ કરેલ નથી. ફરીયાદપક્ષ તરફે વિ.એપીપીશ્રીએ મૌખિકમાં પુરાવો પુરો થયેલ હોવાનું જાહેર કરેલ છે. ફરિયાદપક્ષનો પુરાવો પુરો થયા બાદ આ કામના આરોપીનુ ફોજદારી કાર્યરીતી અધિનિયમ ૧૯૭૩ની કલમ–૩૧૩ મુજબ વિશેષ નિવેદન નોંધવામાં આવેલ છે, જેમાં આરોપીએ તેઓ નિર્દોષ છે અને તેઓ સામે ખોટો કેસ કરેલ છે તેમ જણાવેલ છે, પરંતુ આરોપી તરફે તેમના બચાવમાં કોઈ સાક્ષી પુરાવા તપાસવાનું પસંદ કરેલ નથી. ત્યારબાદ ફરીયાદ પક્ષ તર્ફે વિ.એ.પી.પી.શ્રી એમ.કે.ચૌહાણની મૌખિક દલીલો સાંભળવામાં આવેલ છે. તેમજ આરોપીઓ તરફે વિ.વ.શ્રી.આર.એસ.શેખની દલીલ સાંભળી.

**૫.** સદરહુ કેસના ન્યાયનિર્ણય માટે મારી સમક્ષ નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થયેલ છે.

**–:: મુદ્દાઓ ::–**

| | |
|---|---|
| ૧. | શું ફરિયાદપક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે, આરોપીએ તા.૧૪/૬/૨૦૨૪ ના રોજ કલાક : ૦૯/૩૦ વાગ્યાના સુમારે કપડવંજ નડીયાદ રોડ ઉપર ઉદાપુરા પાટીયા પાસે પોતાના કબજા ભોગવટાની લકઝરી બસ રજી.નં .એમપી ૪૪ ઝેડસી ૮૪૭૭ ની ડેકકીમાં સંતાડી લઈ જવાતો ભારતીય બનાવટનો વિદેશી દારૂના ટેટ્રા પેક કુલ નંગ–૧૦૦૮ જેની કિં .રૂ.૭૫,૬૦૦/– તથા લકઝરી બસની કિં.રૂ.૧૦,૦૦,૦૦૦/– તથા અં ગજડતીમાંથી મળી આવેલ રોકડ રૂ.૩૫૦૦/– તથા બે મોબાઈલ ફોન કિં .રૂ.૧૦,૦૦૦/– તથા લકઝરી બસમાં ભરેલ ઈ–વે બીલો મુજના સર સામાનની કુલ કિં.રૂ. ૧૮,૦૯૦/– મળી કુલ રૂ.૧૧ ,૦૭,૧૯૦/– ના મુદ્દામાલ સાથે પકડાઈ જઈ તમામ આરોપીઓએ એકબજીાની મદદગારી કરી ગુન્હો કરી ગુજરાત પ્રોહીબીશન એકટની કલમ–૬૫(એ)(ઈ), ૧૧૬(બી), ૯૮(૨), ૮૧ મુજબનો શિક્ષાને પાત્ર ગુન્હો કરેલ છે ? |
| ૨. | શું હુકમ? |

**૬.** ઉપરોકત મુદ્દાઓના મારા નિર્ણયો નીચે મુજબ છે.

**–:: નિર્ણય ::–**

૧. નકારમાં

૨. આખરી હુકમ મુજબ

**૭.** ઉપરોકત મુદ્દાઓના મારા નિર્ણયોના કારણો નીચે મુજબ છે.

**–:: કારણો ::–**

**મુદ્દા નં.૧ અને ૨ :**

આ કામે બંન્ને મુદ્દાઓ પરસ્પર એક બીજા સાથે સંકળાયેલ હોય, હકીકતોનુ પુનરાવર્તન ટાળવા તથા સરળતા ખાતર બંન્ને મુદ્દાની ચર્ચા એક સાથે કરવામાં આવેલ છે.

**૭.૧** ફરિયાદપક્ષ તરફે પોતાનો કેસ પુરવાર કરવા માટે રજુ કરવામાં આવેલ પુરાવાઓ જોઈએ તો, ફરીયાદી જયેન્દ્રસિંહ પ્રવિણસિંહને આંક-૧૬ થી તપાસવામા આવેલ છે. તેઓએ તેમની સોગંદ ઉપરની જુબાનીમા જણાવેલ છે કે, તા.૧૪/૬/૨૪ ના રોજ તેઓ પોલીસ સ્ટાફના માણસો સાથે પ્રોહી જુગારની ડ્રાઈવ અંગે પેટ્રોલીંગમાં નીકળેલા તે દરમિયાન તાબતમીદારથી બાતમી મળેલ કે રાજસ્થાનથી કપડવંજ એક શાં તીનાથ લકઝરી નંબર એમ પી ૪૪ ઝેડ સી ૮૪૭૭ ની પેસેન્જર ભરી આવે છે અને ડેકીમાં વિદેશી દારૂભરી લઈ જાય છે જેના આધારે બે પંચોના માણસો બોલાવી બાતમીની સમજ કરી ઉભા હતા ત્યારે ઉદાપુરા પાટીયા પાસે તપાસમાં હતા ત્યારે બાતમીવાળી લકજરી આવતા રોકેલ તેમાં ૨૦ એક પેસેન્જર હતા જેમને નીચે ઉતારી પંચોના માણસો સાથે બસની અંદર ચેક કરતા કોઈ ચીજવસ્તુ મળી આવેલ નહી અને ત્યારબાદ બસની ડેકી ખોલતા તેમાં વિદેશી દારૂના ટેટ્રા પેક કુલ નંગ-૧૦૦૮ મળેલ જેનુ પંચનામુ કરી તપાસ અર્થે કબજે લીધેલ અને પુછપરછ કરતા ડ્રાઈવરે જણાવેલ કે સદર મુદ્દામાલ તેઓ તેમના શેઠ સત્યનારાયણનાઓનો હોવાનુ જણાવેલ કે બાસવાડાના ગુલાબપુરથી ૭ પાર્સલ ભરવાના છે અને તેનુ બીલ તેમના શેઠે મોકલી આપેલ અને તે વડોદરા ખાતે ઉતારવા જણાવેલ. આરોપીઓની અંગજડતી કરતા મોબાઈલ નંગ-૨ અને ૩૫૦૦/- રોકડ તેમજ લકજરી બસ અને મુદ્દામાલનુ પંચનામુ કરી તપાસ અર્થે કબજે લીધેલ અને ત્યારબાદ તેઓએ ફરીયાદ આપેલ.

બચાવપક્ષ તરફે કરવામાં આવેલ ફરીયાદીની ઉલટ તપાસમાં તેઓ એ હકીકતનો સ્વીકાર કરે છે કે, પોલીસ સ્ટેશનથી કેટલા વાગે નીકળેલ અને ગુનાવાળી જગ્યાએ કેટલા વાગે પહોચેલ તે ફરીયાદમા જણાવેલ નથી. એ વાત ખરી છે કે આરોપીઓએ સદર પાર્સલ તેના શેઠના કહેવાથી બાસવાડાના ગુલાબપુરથી લીધેલા. એ વાત ખરી છે કે આ કામે એક પંચ કાભઈના મુવાડા અને બીજો પંચ કેવડીયાનો છે એ વાત ખરી છે કે કાભઈના મુવાડાના બનાવવાળી જગ્યાથી પંદર થી વીસ કિલોમીટર થાય છે.પંચને બોલાવવા તેઓ ગયેલ નથી. ત્યારબાદ તેઓને સવાલ કરવામાં આવેલ કે, આ બનાવવાળી જગ્યા લોકોની અને વાહનોની અવરજવર વાળો વિસ્તાર હતો જેથી પંચો સહેલાઈ થી મળી

રહે? તેના જવાબમાં તેઓ જણાવે છે કે, લોકોને રસ્તામા આવતા જતા પંચમા રહેવા માટે કહીએ તો કોઈ ગાડી ઉભી રાખતો નથી એટલે તેઓએ પંચો બોલાવવા પડે છે.

**૭.૨** ફરીયાદપક્ષ તરફે આંક–૧૯ થી તપાસવામાં આવેલ પંચસાહેદ જયેશગીરી દિનેશગીરી ગોસાઈ તથા આંક–૨૧ થી તપાસવામાં આવેલ પંચસાહેદ હીરાભાઈ રાજાભાઈ ભરવાડનાઓને પોતાની સોગંદ પરની જુબાનીમાં આંક–૨૦ થી રજુ મુદ્દામાલ કબજે કર્યાના પંચનામામાં પોતાની સહી ઓળખી બતાવેલ છે અને તેઓની જુબાનીમાં પંચનામા બાબતે કંઈ જાણતા ન હોવાની હકીકત જણાવે છે. આમ, સદર બંને પં ચસાહેદોને એ.પી.પી.શ્રીની મૌખીક વિનંતીથી ફરી ગયેલા સાહેદો જાહેર કરેલ છે.

બચાવપક્ષ તરફે કરવામાં આવેલ પંચોની ઉલટ તપાસમાં તેઓ એ હકીકતનો સ્વીકાર કરે છે કે, પોલીસે તેઓને કોઈ જગ્યાએ લઈ ગયેલ હોય પંચનામુ તેઓએ લખાવેલ હોય તેવુ બનેલ નથી.

**૭.3** ફરિયાદપક્ષે સાહેદ જશવંતભાઈ મુળજીભાઈનાઓને આંક–૨૩ થી તપાસવામા આવેલ છે. તેઓએ તેમની સોગંદ ઉપરની જુબાનીમા જણાવેલ છે કે,તા.૧૪/૬/૨૪ ના રોજ તેઓ પોલીસ સ્ટાફના માણસો સાથે પ્રોહી જુગારની ડ્રાઈવ અંગે પેટ્રોલીંગમાં નીકળેલા તે દરમિયાન બાતમીદારથી બાતમી મળેલ કે રાજસ્થાનથી કપડવંજ એક શાંતીનાથ લકઝરી નં બર એમ પી ૪૪ ઝેડ સી ૮૪૭૭ ની પેસેન્જર ભરી આવે છે અને ડેકીમાં વિદેશી દારૂભરી લઈ જાય છે જેના આધારે બે પંચોના માણસો બોલાવી બાતમીની સમજ કરી ઉભા હતા ત્યારે ઉદાપુરા પાટીયા પાસે તપાસમાં હતા ત્યારે બાતમીવાળી લકજરી આવતા રોકેલ તેમાં ૨૦ એક પેસેન્જર હતા જેમને નીચે ઉતારી પંચોના માણસો સાથે બસની અંદર ચેક કરતા કોઈ ચીજવસ્તુ મળી આવેલ નહી અને ત્યારબાદ બસની ડેકી ખોલતા તેમાં વિદેશી દારૂના ટેટ્રા પેક કુલ નંગ–૧૦૦૮ મળેલ જેનુ પંચનામુ કરી તપાસ અર્થે કબજે લીધેલ અને પુછપરછ કરતા ડ્રાઈવરે જણાવેલ કે સદર મુદ્દામાલ તેઓ તેમના શેઠ સત્યનારાયણનાઓનો હોવાનુ જણાવેલ કે બાસવાડાના ગુલાબપુરથી ૭ પાર્સલ ભરવાના છે અને તેનુ બીલ તેમના શેઠે મોકલી આપેલ અને તે વડોદરા ખાતે ઉતારવા જણાવેલ. આરોપીઓની અંગજડતી કરતા

મોબાઈલ નંગ–૨ અને ૩૫૦૦/– રોકડ તેમજ લકજરી બસ અને મુદ્દામાલનુ પંચનામુ કરી તપાસ અર્થે કબજે લીધેલ અને ત્યારબાદ તેઓનુ નીવેદન લીધેલ.

બચાવપક્ષ તરફે કરવામાં આવેલ ફરીયાદીની ઉલટ તપાસમાં તેઓ એ હકીકતનો સ્વીકાર કરે છે કે, પોલીસ સ્ટેશનથી કેટલા વાગે નીકળેલ અને ગુનાવાળી જગ્યાએ કેટલા વાગે પહોચેલ તે ફરીયાદમા જણાવેલ નથી. એ વાત ખરી છે કે આરોપીઓએ સદર પાર્સલ તેના શેઠના કહેવાથી બાસવાડાના ગુલાબપુરથી લીધેલા. એ વાત ખરી છે કે આ કામે એક પંચ કાભઈના મુવાડા અને બીજો પંચ કેવડીયાનો છે એ વાત ખરી છે કે કાભઈના મુવાડાના બનાવવાળી જગ્યાથી પંદર થી વીસ કિલોમીટર થાય છે.પંચને બોલાવવા તેઓ ગયેલ નથી. ત્યારબાદ તેઓને સવાલ કરવામાં આવેલ કે, આ બનાવવાળી જગ્યા લોકોની અને વાહનોની અવરજવર વાળો વિસ્તાર હતો જેથી પંચો સહેલાઈ થી મળી રહે? તેના જવાબમાં તેઓ જણાવે છે કે, મળી રહે પરંતુ તેઓએ રેડમાં સાથે લઈ ગયેલા.

**૭.૪** ફરીયાદપક્ષ તરફે આંક–૩૦ થી તપાસવામાં આવેલ ત.ક.અ. કિંજલ રાજેન્દ્રભાઈ ચૌધરીનાઓ પોતાની સોગંદ પરની જુબાનીમાં જણાવે છે કે, સને ૨૦૨૪ માં તેઓ આતરસું બા પો.સ્ટે.માં પો.સ.ઈ. તરીકે ફરજ બજાવતા હતા ત્યારે સદર ગુનાના કામની તપાસ એસ.આર.ભારાઈ સાહેબનાઓ કરતા હોય અને તેઓની બદલી થતા ગુનાના તપાસના કાગળો તેઓને મળેલ અને તેઓએ કાગળો વાંચી તપાસી આરોપી વિરુધ્ધ પુરતા પુરાવા હોય ચાર્જશીટ કરેલ અને ચાર્જશીટ સાથે એફ.એસ.એલ.કચેરી વડોદરા તરફથી મળેલ પરીક્ષણ અહેવાલ રજુ રાખેલ.

બચાવપક્ષ તરફે કરવામાં આવેલ ત.ક.અ.શ્રીની ઉલટ તપાસમાં તેઓ એ હકીકતનો સ્વીકાર કરે છે કે, સદર કામની તેઓએ ચાર્જશીટ કરેલ એન તેઓને બનાવની કોઈ જાતમાહીતી નથી.

**૭.૫** ફરીયાદપક્ષ તરફે આંક–૩૫ થી તપાસવામાં આવેલ ત.ક.અ.શ્રી શીલ્પા રાજાભાઈ ભારાઈનાઓ પોતાની સોગંદ પરની જુબાનીમાં જણાવે છે કે, તારીખ ૧૪/૬/૨૪ ના રોજ તેઓ આતરસુબા પોલીસ સ્ટેશનમા નાયબ પોલીસ અધિક્ષક તરીકે ફરજ ઉપર હાજર હતા

તે દરમ્યાન પોલીસ સ્ટાફના માણસો પોલીસ અધિક્ષકશ્રી ની કચેરીના ઈ મેલના આધારે પ્રોહી જુગારની ડ્રાઈવ અગે પેટ્રોલીંગમા નીકળેલા તે દરમ્યાન બાતમીદારથી બાતમી મળેલી કે રાજસ્થાનથી કપડવંજ તરફ એક શાતિનાથ લકઝરી નંબર એમ પી ૪૪ ઝેડ સી ૮૪૭૭ની પેસેન્જર ભરીને આવે છે અને જેની ડેકીમા વીદેશી દારૂ ભરી નડીયાદ તરફથી વડોદરા ખાતે લઈ જાય છે જે બાતમી ના આધારે બે પંચોના માણસો બોલાવી બાતમીની સમજ કરી કપડવંજ કઠલાલ રોડ ઉપર ઉદાપુરા પાટીયા પાસે લકઝરી તપાસમા હતા તે દરમ્યાન બાતમી વાળી લકજરી બસ આવતા જેને રોકી લીધેલી જેનો નંબર જોતા એમ પી ૪૪ઝેડ સી ૮૪૭૭ નો હતો જેમા ૨૦ એક જેટલા પેસેન્જર ભેરેલા હતા જેઓને નીચે ઉતારી પંચોના માણસો સાથે બસની અંદર ચેક કરતા કોઈ ચીઝવસ્તુ મળી આવેલ નહી અને ત્યારબાદ બસના બન્ને ડ્રાઈવર અને કલીનર ને સાથે રાખી બસની ડેકી ખોલાવી અંદર જોતા ૭ સફેદ કલરના મોટા બોક્ષ રાખેલ હતા જે ખોલીને જોતા એક બોક્ષમા ૩ સફેદ કલરના પુઠાના બોક્ષ ભરેલા હતા જે બોક્ષને ખોલીને જોતા ટેટ્રાપેક (ફ્રુટી ના પેકેટ જેવા ) રોયલ કલાસીક વહીસકીના ૧૮૦ મીલીના વીદેશી દારૂ ભરેલો હતો જેથી પંચો રૂબરૂ બન્ને ડ્રાઈવર તથા કલીનર નામઠામ પુછેલુ અને પંચો રૂબરૂ પ્રોહી મુદ્દામાલ ગણી જોતા ૨૧ પેટીઓ ૧ પેટીમા ૪૮ નંગ લેખે કુલ્લે ૧૦૦૮ વીદેશી દારૂ ટેટ્રાપેક વીગતવાર નુ પંચનામુ કરી તપાસ અર્થે કબજે લીધેલ અને સદર મુદ્દામાલ વીદેશી દારૂડ્રાઈવર રણજીતસિંહ હીરાસિંહ પુછપરછ કરતા તેઓ જણાવેલ કે સદર મુદ્દામાલ તેઓને તેમના શેઠ સત્યનારાયણનાઓ નો હોવાનુ જણાવેલ કે બાસવાડાના ના ગુલાબપુરથી ૭ પાર્સલ ભરવાના છે અને તેનુ બીલ તેમના શેઠે તેમના વોટસઅપ નંબર ઉપર મોકલી આપ્યુ હતુ અને સદર ૭ પાર્સલ વડોદરા ખાતે ઉતારવા માટે જણાવેલ હતુ ત્યાર બાદ સદર ત્રણેય ઈસમોની અગજડતી કરતા મોબાઈલ નંગ બે અને ચલણીનોટો જુદા જુદા દરની ૩૫૦૦ તેમજ લકજરી બસ અને પ્રોહી મુદ્દામાલ તથા ઈ વે બીલ પંચનામુ કરી તપાસ અર્થે કબજે લીધેલ અને અ.હેડ કો જયેન્દ્રસિંહએ આરોપી વિરૂધ્ધ ફરીયાદ આપેલી.જે ફરીયાદના આધારે પ્રોહી ગુના રજી.નંબર૧૧૬/૨૪ ૬૫એઈ,૮૧,૯૮(૨),૧૧૬બી મુજબનો ગુનો દાખલ કરવામા આવેલો અને આગળની વધુ તપાસ તેઓને મળતા તેઓએ આ કામે લાગતા વળગતા સાહેદોના નિવેદન લીધેલા.આ કામે કબજે લીધેલ ઈ વે બીલ નંગ ૨ રજુ કરેલ છે. ત્યારબાદ આગળની વધુ તપાસ પી એસ

આઈ શ્રી  કે આર ચૌધરીને સોપેલી તેઓએ તપાસ પુરી કરી આરોપી વિરૂધ્ધ પુરતા પુરાવ હોય નામદાર કોર્ટ ચાર્જશીટ કરેલ.

બચાવપક્ષ તરફે કરવામાં આવેલ ત.ક.અ.શ્રીની ઉલટ તપાસમાં તેઓ એ હકીકતનો સ્વીકાર કરે છે કે, બનાવવાળી જગ્યાએ થી કોઈ સ્વતત્ર સાહેદોના નિવેદન લેવામા આવેલ નથી. એ વાત ખરી છે કે આરોપીઓએ સદર પાર્સલ તેના શેઠના કહેવાથી બાસવાડાના ગુલાબપુરથી લીધેલા. એ વાત ખરી છે કે સામાન્ય રીતે ગાડીમા પેસેનજર ચઢે છે અને ઉતરે છે. એ વાત ખરી છે કે સામાન્ય રીતે જે પેસેનજર સામાન લઈને ચઢતા ઉતરતા હોય છે તે સામાન જોવામા આવતો નથી. એ વાત ખરી છે કે પોલીસ સ્ટેશનથી કેટલા વાગે નીકળેલ અને ગુનાવાળી જગ્યાએ કેટલાવાગે પહોચેલ તે ફરીયાદમા જણાવેલ નથી. એ વાત ખરી છે કે આ કામે એક પંચ કાભઈના મુવાડા અને બીજો પંચ કેવડીયાનો છે. એ વાત ખરી છે કે કાભઈના મુવાડાના બનાવવાળી જગ્યાથી પંદર થી વીસ કિલોમીટર થાય છે.પંચને બોલાવવા તેઓ ગયેલ નથી. ત્યારબાદ તેઓને સવાલ કરવામાં આવેલ કે, આ બનાવવાળી જગ્યા લોકોની અને વાહનોની અવરજવર વાળો વિસ્તાર હતો જેથી પં ચો સહેલાઈ થી મળી રહે? તેના જવાબમાં તેઓ જણાવે છે કે, લોકોને રસ્તામા આવતા જતા પંચમા રહેવા માટે કહીએ તો કોઈ ગાડી ઉભી રાખતો નથી એટલે તેઓએ પંચો બોલાવવા પડે છે.

૮. સદરહુ કામે રેકર્ડ ઉપરના સમગ્ર પુરાવાનુ મુલ્યાંકન કરતા જણાય છે કે, ફરીયાદપક્ષના મહત્વના પંચસાહેદ જયેશગીરી દિનેશગીરી ગોસાઈ તથા પંચસાહેદ હીરાભાઈ રાજાભાઈ ભરવાડનાઓએ તેમના પુરાવામાં આંક–૨૦ થી કરવામાં આવેલ તેમની રૂબરૂના પં ચનામાની હકીકતને સમર્થન આપેલ નથી, જેથી પોલીસે પંચનામા મુજબ કબજે કરેલ પ્ર તિબંધિત મુદ્દામાલ આ કામના આરોપી પાસેથી કબજે કરેલ હોવાની હકીકત પુરવાર થતી નથી. મુદ્દામાલનો કબજો આરોપી પાસેથી મેળવેલ છે તેવી હકીકત સાબીત કરવા માટે મુદ્દામાલ કબજાનુ પંચનામા એ એક અગત્યના દસ્તાવેજ છે પરંતુ પંચનામા સાબીત કરવામાં ફરીયાદપક્ષ સદંતર નિષ્ફળ નીવડેલ છે.

૯. ફોજદારી ન્યાયશાસ્ત્રનો સિધ્ધાંત છે કે, ફરીયાદપક્ષે આરોપી સામેનો પોતાનો કેસ વાજબી શંકા રહીત પુરવાર કરવાનો રહે છે. તેમજ ફરીયાદપક્ષે પોતાનો કેસ સ્વતંત્ર પુરાવાથી પુરવાર કરવાનો રહે છે. સદરહુ કામના રેકર્ડ ઉપરના પુરાવાઓનું અવલોકન અને મુલ્યાંકન કરતા જણાય છે કે, આ કામે આંક-૧૬ થી તપાસવામા આવેલ ફરીયાદી જયેન્દ્રસિંહ પ્રવીણસિંહે તેઓની જુબાનીમાં આંક-૧૭ થી ફરીયાદ રજુ રાખેલ છે અને ફરીયાદમા જણાવેલ હકીકતોને તેઓની જુબાનીમાં સંપુર્ણપણે સમર્થન આપેલ છે.

**૧૦.** ફરીયાદ પક્ષ તરફે રજુ કરવામા આવેલ સમગ્ર પુરાવો જોતા આ કામે ફરીયાદી તથા અન્ય પોલીસ સાહેદો પ્રોહી જુગારની ડ્રાઈવ અંગે પેટ્રોલીંગમાં હતા તેઓ કોઈ સ્ટેશન ડાયરીનો ઉતારો રજુ રાખેલ નથી તેમજ પેટ્રોલીંગ માટે પોલીસ સ્ટેશનથી નીકળેલા તે હકકીત પણ પુરવાર થતી નથી તેમજ આ કામે જે વિદેશી દારૂના ટ્રેટાનાં બેચ નંબર શું હતા તે જણાવેલ નથી. આમ, આરોપીના પ્રત્યક્ષ કબજામાંથી કહેવાતો મુદ્દામાલ મળી આવેલ હોવાનુ પુરવાર થતુ નથી અને મુદ્દામાલ આરોપીના પ્રત્યક્ષ કબજામાંથી મળી આવેલ હોય તેવુ સ્વતંત્ર સાહેદોના પુરાવાથી સમર્થન મળતું નથી અને આ કામે તપાસેલ ત.ક.અ. તેઓની ઉલટ તપાસમાં પણ સ્પષ્ટ સ્વીકારે છે કે, બનાવવાળી જગ્યાએથી કોઈ સ્વતં ત્ર સાહેદોના નીવેદનો લીધેલ નથી. વધુમાં આ કામે ત.ક.અ.એ કોઈ પેસેન્જરોના પણ નીવેદનો લીધેલ નથી. વધુમાં મુદ્દામાલ મળી આવેલ તે આરોપીની સીટ નીચેથી મળેલો તેના અંગત કબજામાંથી મળેલ નથી, આરોપીનો મુદ્દામાલ હોવાનો કોઈ પુરાવો મળી આવેલ નહી. જેથી પણ ફરીયાદપક્ષ પોતાનો કેસ શંકાથી પર પુરવાર કરવામાં સફળ રહેલ ન હોય તેવા સંજોગોમા ફરીયાદ પક્ષ હાલના આરોપી સામેનો કેસ પુરવાર કરવામા નિષ્ફળ ગયેલ હોય, મુદ્દા નં.૧ નો નિર્ણય ''નકાર''માં આપી મુદ્દા નં.ર પરત્વે ન્યાયના હિતમાં નીચે મુજબનો આખરી હુકમ ફરમાવુ છુ.

**-:: આ ખ રી હુ ક મ ::-**

| | |
|---|---|
| ૧. | આ કામના આરોપી (૧) રણજીતસિંહ હીરાસિંહ ચૌહાણ, ઉ.વ.૫૦, રહે.૩૩/૯ આઝાદનગર, ભીલવાડા, તા.જી.ભીલવાડા(રાજસ્થાન) તથા આરોપી નં.(ર) મિહુલાલ હજારીલાલ ધોબી, ઉ.વ.૩૫, રહે.આબુચા મહારાજકા આશ્રમ, તા.હુરડા જી.ભીલવાડા(રાજસ્થાન) તથા આરોપી નં.(૩) રાજુ મનોહર આચાર્ય, ઉ.વ.૪૪, રહે.બજરંગપુરા પાવર હાઉસની બાજુમાં, તા.જી.ભીલવાડા(રાજસ્થાન) તથા આરોપી |

| | |
|---|---|
| | નં.(૪) સત્યનારાયણ રામલાલજી ખારોલ, ઉ.વ.૪૦, રહે.૬–એસ ઓસવાલા પ્લાઝા, યુ.કો.બેંકની પાસે, વસંત વિહાર ભીલવાડા, તા.જી.ભીલવાડા(રાજસ્થાન)નાઓને ફોજદારી કાર્યરીતિ અધિનિયમ ૧૯૭૩ ની કલમ–૨૪૮(૧) અન્વયે ગુજરાત પ્રોહીબીશન એકટની કલમ–૬૫(એ)(ઈ), ૧૧૬(બી), ૯૮(૨), ૮૧ મુજબના શિક્ષાને પાત્ર ગુન્હાના આરોપીને શંકાનો લાભ આપી નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે. |
| ૨. | પ્રતિબંધીત મુદ્દામાલ ટ્રેટા પેક નંગ–૧૦૦૮ નો અપીલ સમય બાદ નાશ કરવાનો હુકમ કરવામાં આવે છે. મુદામાલ વાહન તેમજ મોબાઈલ અંગે કોઈ હુકમ થયેલ હોય તો તે કાયમ રાખવામાં આવે છે. જો કોઈ હુકમ થયેલ ન હોય તો અપીલ સમય બાદ મુદામાલ વાહન તથા મોબાઈલ જાહેર હરાજીથી વેચાણ કરી તે રકમ સરકાર ખાતે જમા કરાવી. રોકડ રકમ સરકાર ખાતે જમા કરવી. મુદ્દામાલ ઈ–બીલ મુજબની બેગોનો કોઈ હુકમ થયેલ હોય તો તે કાયમ રાખવામાં આવે છે. જો કોઈ હુકમ થયેલ ન હોય તો મુદ્દામાલ બેગોને અપીલ સમય કે રીવીજન સમય સુધી કોઈ કલેઈમ ન કરે તો જાહેર હરાજીથી વેચાણ કરી તે રકમ સરકાર ખાતે જમા કરવાનો હુકમ કરવામાં આવે છે. |
| ૩. | ફોજદારી કાર્યરીતિ અધિનિયમ ૧૯૭૩ ની કલમ–૪૩૭(એ) અન્વયે આરોપીએ રૂ.૧૦,૦૦૦/– ના જામીન તથા જાતમુચરકા રજુ કરવા. |

હુકમ આજ તારીખ : ૨૨ મી માહે : મે સને : ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

**તારીખ::૨૨/૦૫/૨૦૨૬** **(ઉતમકુમાર એસ. કાલાણી)**
**સ્થળ ::કપડવંજ** **બીજા.એડી.ચીફ.જ્યુડી.મેજી.,કપડવંજ**
**(જીજે.૦૧૧૨૫)**

SAC